# ગુજરાત યુનિવર્સિટી

સમય મર્યાદા:
અત્યંત અગત્યનું અને તાકિદેનું (ઇલેકશન)

ક્રમાંક:પી.જી.ઇલે./વિ.પ્રતિ./ ૪૦૩૭૬/૨૦૧૭
ગુજરાત યુનિવર્સિટી
અમદાવાદ-૯

તા. ૩૧/૧/૨૦૧૭.

પ્રતિ,

1. સંલગ્ન કોલેજોનાં આચાર્યો
2. માન્ય સંસ્થાનાં વડાઓ
3. યુનિ. નાં તમામ વિદ્યાભવનોનાં અધ્યક્ષશ્રીઓ

બાબત : ગુજરાત યુનિવર્સિટી કોર્ટ પર વિદ્યાર્થી પ્રતિનિધિત્વ ચૂંટણી વર્ષ-૨૦૧૬ – ૨૦૧૭

શ્રીમાન,

ગુજરાત યુનિવર્સિટી એક્ટ નં ૬ થી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ-૧૭(૧) કલાસ સેકન્ડ, ઓર્ડીનરી મેમ્બર્સ બી-૧ 'એ' 'બી' અને 'સી' અનુસાર ગુજરાત યુનિવર્સિટી કોર્ટ પર દશ વિદ્યાર્થીઓને નીચે મુજબ પ્રતિનિધિત્વ આપવામાં આવે છે

(અ) વિનયન, વિજ્ઞાન તથા વાણિજ્ય વિદ્યાશાખાઓમાં અનુસ્નાતક અભ્યાસ માટે જોડાયેલ વિદ્યાર્થીઓમાંથી પ્રત્યેક વિદ્યાશાખાદીઠ એક એક એમ કુલ ત્રણ વિદ્યાર્થી પ્રતિનિધિઓ. (P.G. Arts, P.G. Commerce, P.G. Science)

(બ) વિનયન, વિજ્ઞાન તથા વાણિજ્ય વિદ્યાશાખાઓમાં પૂર્વસ્નાતક કક્ષાએ અભ્યાસ માટે જોડાયેલ વિદ્યાર્થીઓમાંથી પ્રત્યેક વિદ્યાશાખાદીઠ એક એક એમ કુલ ત્રણ વિદ્યાર્થી પ્રતિનિધિઓ. (U.G. Arts., U.G. Commerce, U.G. Science)

(ક) (૧) શિક્ષણ, (૨) કાયદો (૩) તબીબી (૪) દંતશાસ્ત્ર વિદ્યાશાખામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાંથી પૂર્વસ્નાતક અને અનુસ્નાતક મળીને વિદ્યાશાખાદીઠ એક એક એમ કુલ ચાર વિદ્યાર્થી પ્રતિનિધિઓ.

૧. યુનિવર્સિટી કોર્ટ પરની દશ (૧૦) વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી માટે ઉમેદવોરી નોંધાવવા સ્ટેચ્યુટરી ૧૪-સી હેઠળ નીચે મુજબ લાયકાત આવશ્યક છે.



A454-৮00-10-2016

(અ) અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે:

કોઇપણ અનુસ્નાતક વિદ્યાર્થી કે જેઓ તા: 30/૯/૨૦૧૬ સુધીમાં ગુજરાત યુનિવર્સીટીનાં અનુસ્નાતક વિદ્યાભવનમાં કે માન્ય સંસ્થામાં કે કોઈ સંલગ્ન કોલેજોનાં અનુસ્નાતક કેન્દ્રમાં વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરતા હોય તેવા અનુસ્નાતક વિદ્યાર્થી પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.

(બ) પૂર્વસ્નાતક વિદ્યાર્થીઓ માટે:

તા.30/૯/૨૦૧૬ સુધીમાં ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન એવી કોઈપણ કોલેજોનાં પૂર્વસ્નાતક વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરતા હોય તેવા પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.

નોંધ.- ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૬ (૧) કલાસ સેકન્ડ ઓર્ડિનરી મેમ્બર્સ (બી)(૧)નાં નીચે ટાંકેલ પ્રોવીઝન મુજબ ઉમેદવારી કરનાર જે વિદ્યાર્થીઓ અગાઉ બે વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટી કોર્ટ પર સભ્ય પદ ધરાવેલ હશે તે વિદ્યાર્થીઓ આ ચૂટણીમાં ઉમેદવારી કરી શકશે નહી.

"Provided that where a student has been a member for any two academic years, he shall not be eligible for re-election thereafter."

૨. યુનિવર્સિટી કોર્ટ પરની ચૂટણીમાં ઉભા રહેવા પાત્રને કોણ મત આપી શકશે.

ઉપરોકત પેરા ૧ માં જણાવ્યા પ્રમાણે ગુજરાત યુનિવર્સિટી કોર્ટ પર કુલ ૧૦ વિદ્યાર્થી સભ્યોની ચૂટણીમાં તે અંગેના ધારા ધોરણને આધીન કોઈપણ સ્નાતક કે પૂર્વસ્નાતક વિદ્યાર્થી ચૂટણી માટે પોતાની ઉમેદવારી નોંધાવી શકશે પણ આ ચૂટણી માટે અનુસ્નાતક કે પૂર્વસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓ તરફથી નીચેની મેરીટ પદ્ધતિ મુજબના મતદારો જ મતદાન કરી શકશે.

(1) પ્રત્યેક અનુસ્નાતક વિદ્યાભવન કે અનુસ્નાતક કેન્દ્રો કે માન્ય સંસ્થા કે જેની પોતાની વિદ્યાર્થી સંખ્યા તા:30/૯/૨૦૧૬ના રોજ ૫૦ થી વધુ હોય નહીં તેમાં એક વિદ્યાર્થીને મતદાર તરીકે મેરીટ મુજબના નામ મોકલવાનું રહેશે.

(૨) તા.30/૯/૨૦૧૬નાં રોજ પ્રત્યેક અનુસ્નાતક વિદ્યાભવન, અનુસ્નાતક કેન્દ્ર કે કેન્દ્રો કે માન્ય સંસ્થાઓ કે જેમાં વિદ્યાર્થી સંખ્યા 50થી વધુ હોય તેમાં પ્રત્યેક 50 વિદ્યાર્થીદીઠ એક એ પ્રમાણે વિદ્યાર્થીઓને મેરીટ મુજબ મતદાર તરીકે નામ મોકલવાના રહેશે.

(3) તા.30/૯/૨૦૧૬નાં રોજ પ્રત્યેક સંલગ્ન કોલેજ કે જેમાં વિદ્યાર્થી સંખ્યા 50 કે તેથી વધુ હોય તેમાં પ્રત્યેક 50 વિદ્યાર્થીદીઠ એક એ પ્રમાણે વિદ્યાર્થીઓને મેરીટ મુજબના મતદાર તરીકે નામ મોકલવાના રહેશે.

દા.ત. કોઈ કોલેજમાં તા. ૩૦/૯/૨૦૧૬ ના રોજ સ્નાતક કક્ષાએ કોઈપણ વિદ્યાશાખામાં કુલ ૯૯ વિદ્યાર્થીઓ હોય તો મતદાર તરીકે એક જ નામ આપી શકે. વિદ્યાર્થીઓની સંખ્યા વિદ્યાશાખા પ્રમાણે ગણવાની છે. ઉપર પેરા.(૧)(૨) તથા (૩)માં જણાવ્યા પ્રમાણે મતદારોને ચૂંટવાનું કામ સ્ટે. ૧૪- સીમાં જણાવ્યા પ્રમાણે કરવાનું રહેશે.

ઉપર પેરા.(૧)(૨) તથા (૩)માં જણાવ્યા પ્રમાણે વિદ્યાર્થી મતદારો તેઓ જે વિદ્યાશાખાનાં વિદ્યાર્થી હશે તે વિદ્યાશાખાનાં મતદાર વિભાગનાં ઉમેદવાર ને જ મત આપી શકશે.

મતદારને પ્રતિનિધિ તરીકે ચૂંટવામાં જો કોઈ શંકા કે તકદારનો મુદ્દો ઉપસ્થિત થાય તો તે અંગે નીચે જણાવેલ અધિકારીનો નિર્ણય આખરી રહેશે.

| | |
|---|---|
| ૧. યુનિવર્સિટી વિદ્યાભવન | -જે તે વિદ્યાભવનના અધ્યક્ષશ્રી |
| ૨. અનુસ્નાતક કેન્દ્ર કે કેન્દ્રો | -જે કોલેજમાં અનુસ્નાતક કેન્દ્ર કે કેન્દ્રો ચાલતા હોય તો તે કોલેજના આચાર્યશ્રી |
| ૩. માન્ય સંસ્થા | -માન્ય સંસ્થાના અધ્યક્ષશ્રી |
| ૪. સંલગ્ન કોલેજ | -સંલગ્ન કોલેજના આચાર્યશ્રી |

૪. સ્નાતક કક્ષા માટે ૨૫ વર્ષ અને અનુસ્નાતક કક્ષા માટે વધુમાં વધુ ૨૮ વર્ષની વિદ્યાર્થી ની વય મર્યાદા રહેશે અને આથી વધુ ઉંમર ધરાવનાર મતદાર તરીકે દાખલ થઈ શકશે નહીં કે ચૂંટણીમાં ઉમેદવારી કરી શકશે નહીં. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો અને પી.જી. સેન્ટરોમાં વિદ્યાર્થી મંડળની ચૂંટણીઓ યોજવામાં આવતી નથી તથા પ્રતિનિધિઓ મેરિટ પદ્ધતિ મુજબ નક્કી થાય છે. મતદારો બનાવવામાં દર વર્ષે ભારે વિવાદો, ઝઘડા થાય છે. આ બાબતને ધ્યાનમાં રાખી તથા આચાર્યોની અગાઉની રજૂઆતો ધ્યાનમાં લઈ આ ચૂંટણી માટેનાં મતદારો પણ વિદ્યાર્થી મંડળોની જેમ મેરિટ પદ્ધતિ અનુસાર નક્કી કરી મોકલી આપવા ભલામણ છે, જેથી કોઈ વિવાદને સ્થાન ના રહે.

૫. ઉમેદવારીપત્ર સાથે સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટની/ટી. સી. ની પ્રમાણિત ઝેરોક્ષ નકલ જોડવાની રહેશે અને ઉમેદવારીપત્ર સ્વીકારતી વખતે ઓરીજીનલ સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટ/ ટી. સી. ની સાથે સરખામણી કર્યા પછી જ ફોર્મ માત્ર રૂબરૂમાં જ સ્વિકારવામાં આવશે.

૬. સેનેટ ની ચૂંટણી અન્વયે સભ્યશ્રી, નેશનલ કમિશન ફોર શિડયુલ્ડ કાસ્ટ નાં તા:૧૮/૦૧/૨૦૧૬ નાં સૂચનો અન્વયે સરકારશ્રી નું યુનિવર્સિટીએ માર્ગદર્શન માંગેલ છે, તે અન્વયે સરકારશ્રી નાં વખતો વખત નાં માર્ગદર્શન મુજબ કાર્યવાહી થશે તેની નોધ લેશો.

૭. સેનેટ ની ચૂંટણી અન્વયે ગુજરાત યુનિવર્સિટી એક્ટ ૧૯૪૯ માં થયેલ વખતો વખત નાં સુધારા મુજબ કાર્યવાહી થશે તેની નોધ લેશો.

ઉપર : ૨ માં જણાવ્યા પ્રમાણે મેરીટ મુજબના વિદ્યાર્થીઓ

તમામ મતદારોનાં પૂરા નામ સરનામાની વિગતો આ સાથેનાં પત્રક પ્રમાણે અલગ જે તે કોલેજ કે સંસ્થાઓ કે વિદ્યાભવન કે અનુ. કેન્દ્રે સ્ટે. ૧૪-સી મુજબ મોડામાં મોડા તા. ૧૫-૦૨-૨૦૧૭ સમય ૪.૦૦ કલાક સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયના સમય દરમ્યાન રૂબરૂમાં મળે તે રીતે મોકલવા ફરજીયાત છે. ત્યારબાદ આવેલ મતદારોનાં નામો પ્રવર્તમાન યુનિવર્સિટી સ્ટે. પ્રોવીઝો મુજબ મતદાર યાદીમાં લઈ શકાશે નહીં. પ્રત્યેક મતદાર અંગેની માહિતી આ સાથેનાં પત્રકમાં અલગ અલગ આપવા વિનંતી છે. પત્રકોની નકલ જરૂર મુજબ જે તે કોલેજો, સંસ્થાઓ, ભવન, અનુસ્નાતક કેન્દ્રોએ ઝેરોક્ષ કરાવી લેવી.

ઉપર જોગવાઈઓને આધીન સ્ટે. ૧૪-સી મુજબ દશ વિદ્યાર્થી સભ્યોની યુનિવર્સિટી કોર્ટ પર ચૂંટણી કરવામાં આવશે. સ્ટે ૧૪-સી મતદારોની માહિતીનાં પત્રકો તેમજ માહિતી સાથે મોકલવાનાં પત્રનાં નમૂનાની નકલ આ સાથે પરિશિષ્ટ 1 અને 2 સામેલ છે. જે ફોર્મ કાળી બોલપેન/સહીથી સુવાચ્ય અક્ષરોમાં ભરવી જરૂરી છે.

આપનો વિશ્વાસુ,
(ડો. એચ. એ. પંડ્યા)
ક્રા.કુલસચિવ

બિડાણ : ઉપર મુજબ

વિશેષ નોંધ :

(1) મતદાર અંગેની સંપૂર્ણ માહીતી મોડામાં મોડા તા. ૧૫-૦૨-૨૦૧૭ સુધીમાં યુનિ. કાર્યાલય સમયમાં રૂબરૂમાં મળે તે રીતે મોકલવી ફરજિયાત છે. ત્યારપછીથી મોકલેલ માહિતી તેમજ અધુરી અને અપૂર્ણ માહિતીનો સમાવેશ મતદાર યાદીમાં થઈ શકશે નહીં. આ અંગે યુનિ.કાર્યાલય તરફથી કોઈ પત્રવ્યવહાર કરવામાં આવશે નહીં તેની નોંધ લેશો.

(2) દરેક વિદ્યાશાખા તથા યુ.જી. અને પી.જી.ના ફોર્મ અલગ અલગ પત્રો લખીને મોકલવા ખાસ વિનંતી છે.

(3) આ સાથે સામેલ સ્ટે. 14-સી નાં (એ) (1) અને (2)માં તથા (બી)માં જ્યાં તારીખ 15મી જુલાઈ છે. ત્યાં તારીખ ૩૦/૯/૨૦૧૬ વાંચવી.

(4) સ્ટે 14-સી નાં બી (3)(એ)માં વિદ્યાર્થી મતદારોની માહિતી મોકલવાની છેલ્લી તારીખ 31મી જુલાઈ છે. તેને બદલે તા. ૧૫-૦૨-૨૦૧૭ વાંચવી.

(5) આ તારીખો સ્ટે. 14-સી માં કુલપતિશ્રીએ આપેલ સત્તાની રૂએ તેમના આદેશ પ્રમાણે આ વર્ષ પુરતી જ સુધારવામાં આવી છે.

(6) યુનિ.ને માહિતી આ સાથે સામેલ પરિશિષ્ટ-1 અને પરિશિષ્ટ-2 પ્રમાણે મોકલશો. (ફોર્મની ઝેરોક્ષ કરી લેવી)

(7) મતદાર અંગેની માહિતી આપતા પત્ર માં આપેલ ઉંમર અંગેની સુચના ક્રમાંક (૪) અને (૫) પ્રમાણેની જ આપવાની રહેશે. એટલે કે ઉંમરની મર્યાદાને ધ્યાનમાં લઈ નામો મોકલશો.

(8) **અગાઉ મોકલેલ મતદારયાદીની માહિતી ધ્યાને લેવામાં આવશે નહિ તેથી આ પરિપત્ર મુજબ નિયત સમય મર્યાદામાં માહિતી મોકલી આપશો .**

Last Date

# GUJARAT UNIVERSITY

**Registration of Students Representative**

In formation in respect of the Students Voter for the year 2016-17

Election of Students Representative on the Court of the University in accordance with the Statute 14-C

1. Voter's Faculty

- [ ] UG Arts
- [ ] UG Commerce
- [ ] UG Science
- [ ] PG Arts
- [ ] PG Commerce
- [ ] PG Science
- [ ] Law
- [ ] Medicine
- [ ] Education
- [ ] Dental Surgery

2. Birth Date

D D | M M | Y Y Y Y

Age as on 30-09-2016

Year | Month | Days

3. Coll Code

DO NOT PIN / STAPLE

The Photograph

Paste the photograph inside the box only

Student Signature

Name of the College :

Uni. Department if Any :

The Class and the year in which the Voter is at Present Studying :

4. Name (Leave one column blank between Surname, Name and Fathername)

A B C D E F G H I J K L M N O P Q R S T U V W X Y Z

5. Full Address

6. Mobile No :

This is to certify that the above named Voter is a bonafied student of this college institution and he/she has been elected as a Students voter in accordance with Statute 14-C of the University. I further state that he/she is not enrolled as a students in any other degree/faculty and his/her name is not sent as a voter from any college/Recognized Institution/University department for the purpose of Voting at the said election.

Place :

Date :

Seal and Signature of the
Principal/Director

# ગુજરાત યુનિવર્સિટી

કોલેજનું નામ ______________________ કોલેજ કોડ __________ પરિશિષ્ટ-૧

(છેલ્લી તા.૧૫-૦૨-૨૦૧૭)

પ્રતિ
કુલસચિવ શ્રી
ગુજરાત યુનિવર્સિટી. અમદાવાદ-૯

બાબત : ગુજરાત યુનિવર્સિટી કોર્ટ પરની વિદ્યાર્થી પ્રતિનિધિની ચૂંટણી
મતદારની માહિતી વર્ષ ૨૦૧૬-૧૭

શ્રીમાન,

આપના તા. પત્રાંક પી.જી.ઈલે./વિ.પ્રતિ./ /૨૦૧૭ ના જવાબમાં જણાવવાનું કે મારી કોલેજમાં પૂર્વસ્નાતક કક્ષાએ તા.30/૯/૨૦૧૬ના રોજ નીચેની સંખ્યામાં વિદ્યાર્થીઓ છે.

| ક્રમ | સ્નાતક (UG) | કુલ વિદ્યાર્થી સંખ્યા | સ્ટે.૧૪-સી. મુજબ ૫૦ વિદ્યાર્થીઓએ એક લેખે મતદારોના નામ મોકલવાના થતાની સંખ્યા | ખરેખર મોકલાવેલ મતદારના નામોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | વિનયન વિદ્યાશાખા | | | |
| ૨ | વિજ્ઞાન વિદ્યાશાખા | | | |
| 3 | વાણીજ્ય વિદ્યાશાખા | | | |
| ૪ | શિક્ષણ વિદ્યાશાખા | | | |
| ૫ | કાયદા વિદ્યાશાખા | | | |
| ૬ | મેડીસીન વિદ્યાશાખા | | | |
| ૭ | દંતશાસ્ત્ર વિદ્યાશાખા | | | |

વધુમાં જણાવવાનું કે અનુસ્નાતક કક્ષાએ તા. ૩૦/ ૯/૨૦૧૬ ના રોજ નીચે પ્રમાણે વિદ્યાર્થીઓ છે.

| ક્રમ | સ્નાતક (PG) | કુલ વિદ્યાર્થી સંખ્યા | સ્ટે.૧૪-સી. મુજબ ૫૦ વિદ્યાર્થીઓએ એક લેખે મતદારોના નામ મોકલવાના થતાની સંખ્યા | ખરેખર મોકલાવેલ મતદારના નામોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | વિનયન વિદ્યાશાખા | | | |
| ૨ | વિજ્ઞાન વિદ્યાશાખા | | | |
| ૩ | વાણીજ્ય વિદ્યાશાખા | | | |
| ૪ | શિક્ષણ વિદ્યાશાખા | | | |
| ૫ | કાયદા વિદ્યાશાખા | | | |
| ૬ | મેડીસીન વિદ્યાશાખા | | | |
| ૭ | દંતશાસ્ત્ર વિદ્યાશાખા | | | |

ખાસ નોંધ:

(૧) સ્ટે.૧૪ - સી પ્રમાણે વિદ્યાર્થી મતદારોના અલગ અલગ પત્રકમાં ભરીને મોકલેલ છે, જે સ્વીકારી આભારી કરશોજી, નિયત કરતા એક પણ નામ વધારે નથી. જે ચકાસેલ છે.

(૨) દરેક વિદ્યાશાખા U.G., P.G., ફેકલ્ટીના ફોર્મ ઉપર કોલેજનો ફોરવડીંગ પત્ર અલગ અલગ લખીને મોકલેલ છે.

(૩) પરિશિષ્ટ-૨ માં ભરવાની વિગતો કાળી બોલપેન / સહીથી સુવાચ્ય અક્ષરોમાં ભરવામાં આવેલ છે. તે મેં ચકાસેલ છે.

(૪) સેનેટ ની ચૂંટણી અન્વયે સભ્યશ્રી, નેશનલ કમિશન ફોર શિડ્યુલ્ડ કાસ્ટ નાં તા:૧૮/૦૧/૨૦૧૬ નાં સૂચનો અન્વયે સરકારશ્રી નું યુનિવર્સિટીએ માર્ગદર્શન માંગેલ છે. તે અન્વયે સરકારશ્રી નાં વખતો વખત નાં માર્ગદર્શન મુજબ કાર્યવાહી થશે તેની નોધ લીધેલ છે.

સહી

(પ્રિન્સીપાલશ્રી / ડાયરેક્ટરશ્રી)

(રબ્બર સ્ટેમ્પ સાથે)